# ભિલોડા ગ્રામ પંચાયતના બે પૂર્વ સરપંચો સહિત જાગૃત ગ્રામજનોએ રામધુન બોલાવી ધરણા કર્યા

ભિલોડા,તા.૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે



ભિલોડા ગ્રામ પંચાયત કચેરીના સત્તાધીશો ધ્વારા આડેધડ આયોજનના કારણે છેલ્લા ચાર વર્ષથી વિકાસ ખાડે ગયો હોઈ ત્યારે જાગૃત પ્રજાજનોમાં ભારે રોષ ભભુકી રહ્યો છે. ગ્રામજનો અને અરજદારોને ધરમધક્કા ખાવાનો વારો આવતા હેરાન પરેશાન થઈ રહ્યા છે.

ભિલોડા ગ્રામ પંચાયતના પુર્વ સરપંચ ભીખાભાઈ સી. ભાટીયા અને હિરાબેન બી. ભાટીયા સહિત જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું કે અંધેરી નગરી અને ગંડુ રાજા જેવો વહીવટ છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યો છે.વિકાસલક્ષી કામકાજ બાબતે લાખ્ખો-કરોડો રૂપિયાની ગ્રાન્ટ રાજ્ય સરકાર ધ્વારા ફાળવવામાં આવે છે પરંતુ અનરાધાર ભ્રષ્ટ્રાચાર ચાલતો હોય ત્યારે વિકાસ ખાડે ગયો છે.

ભીખાભાઈ સી.ભાટીયા, પુર્વ સરપંચએ જણાવ્યું હતું કે ગ્રામ પંચાયતમાં આર.ટી.આઈ. કરેલ હોઈ તે બાબતે હેડ કલાર્ક, ભુપેશભાઈ રાઠોડ મને ધરમધક્કા ખવડાવતા હોઈ તે સંદર્ભે તલાટી કમ મંત્રી કૃપાબેન પટેલને વાત કરતા તેઓએ મારી સાથે ઉધ્ધતાઈભર્યું બિભત્સ વર્તન દાખવ્યું હતું. પુર્વ સરપંચએ ગ્રામ પંચાયત કચેરીમાં ભારે હોબાળો મચાવ્યો હતો.

બે પુર્વ સરપંચો સહિત જાગૃત ગ્રામજનોએ ગ્રામ પંચાયત કચેરી પરીસરમાં રામધુન બોલાવી ધરણા કર્યા હતા. ગ્રામ પંચાયત કચેરી ધ્વારા છેલ્લા ચાર વર્ષથી વિકાસલક્ષી કામકાજમાં અધિકારીઓ, ગ્રામ પંચાયતના સભ્યો અને બે - નંબરીયા કોન્ટ્રાકટરોની મીલી ભગતથી વ્યાપક ભ્રષ્ટ્રાચાર ચાલતો હોઈ તેમ જણાવ્યું હતું. ઉચ્ચ કક્ષાના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે ન્યાયિક તપાસ હાથ ધરાય તેવો સુર જાગૃત બુધ્ધીજીવી ગ્રામજનોએ વ્યક્ત કર્યો હતો.

# અરવલ્લીમાં શીંગોડાની વિઘોટી પાંચ હજાર કરતા ભોઈ સમાજમાં આક્રોશ

## ગુજરાત ભોઈ સમાજ ક્રાંતિ દળે ડીડીઓ અને ધારાસભ્યને આવેદનપત્ર આપ્યું

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ભોઈ સમાજના ૨ હજારથી વધુ પરિવારો શીંગોડા અને કમળની ખેતી કરી



જીવનનિર્વાહ ચલાવી રહ્યા છે. રાજ્ય સરકારે શીંગોડા અને કમળની ખેતી માટે વિઘોટી લેવામાં આવી રહી છે જેમાં વિઘોટીના દર જીલ્લા પંચાયત નક્કી કરતી હોય છે ઘી સાબરકાંઠા શીંગોડા અને કમળ ઉત્પાદક મંડળી હેઠળ ભોઈ સમાજના પરિવારો શિંગોડા અને કમળની ખેતી કરી રહ્યા છે. ચાલુ સાલે અરવલ્લી જીલ્લા પંચાયતના સંબંધિત કચેરી દ્વારા વિઘોટીના દરમાં ગત વર્ષ કરતા ત્રણથી ચાર ગણો વધારો કરતા ભોઈ સમાજમાં આક્રોશ છવાયો હતો અને મનસ્વી રીતે વધારેલ વિઘોટીના દરમાં ઘટાડો કરવામાં આવેની માંગ સાથે જીલ્લા વિકાસ અધિકારી અને ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરને આવેદનપત્ર આપ્યું હતું.

ગુજરાત ભોઈ સમાજ ક્રાંતિ દળ રાજ્ય પ્રભારી નવીનભાઈ ભોઈ, યુવા અધ્યક્ષ જયેશ ભોઈ, ઉત્તર ગુજરાત યુવા અધ્યક્ષ સંજય મેઘા અને સાબરકાંઠા શિંગોડા અને કમળ ઉત્પાદક મંડળીના અધ્યક્ષ કાંતિભાઈ કડિયા અને મહામંત્રી દિનેશભાઈ ભોઈ સહીત ભોઈ સમાજના અગ્રણીઓએ જીલ્લા વિકાસ અધિકારી અનીલ ધામેલીયાને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે હાલ કોરોનાના કપરા સમયમાં લોકોને જીવન નિર્વાહ ચલાવવા ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે ગત વર્ષે શીંગોડા અને કમળની ખેતીના વિઘોટીના રૂ.૨૨૦૦ હતા તે ચાલુ સાલે રૂ.૫૦૦૦ કરી દેવામાં આવતા ભોઈ સમાજ સાથે અન્યાય કરવામાં આવ્યો હોવાની માંગ સાથે ખેતી કરનાર પર આર્થિક ભારણ વધતા સરકારના નિયમ અનુસાર વિઘોટીનો એકર દીઠ ભાવ વધારો કરવામાં આવેની માંગ સાથે મનસ્વી રીતે કરેલ ભાવ વધારો પરત ખેંચવામાં આવેની ઉગ્ર માંગ કરી હતી.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે ડૉ. આર.એમ. ચૌહાણની વરણી

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે ડૉ. આર. એમ. ચૌહાણની ગુજરાત સરકારશ્રી દ્વારા નિમણૂંક કરવામાં આવતા તેઓના અભિવાદન સમારંભનું આયોજન સરદારકૃષિનગર ખાતે કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ સોશ્યલ ડિસ્ટન્સને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી અધિકારીઓ વિવિધ સંશોધન કેન્દ્રના વડા અને યુનિવર્સિટીના તમામ અધિકારીઓ/કર્મચારી મંડળોના પ્રમુખો ઉપસ્થિત રહ્યાં હતા.

આ અભિવાદન સમારંભમા સંશોધન નિયામક ડૉ. આર.એન. સિંગ, કુલસચિવ ડૉ. કે.કે.પટેલ તથા વેટરનરી કોલેજના આચાર્ય ડૉ. ડી.વી. જોશી અને વિવિધ મંડળોના પ્રમુખોએ તેમના વકતવ્યમાં ડૉ. આર.એમ. ચૌહાણની કુલપતિ તરીકેની વરણીને આવકારી તેમના સફળ નેતૃત્વને કારણે આ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવતા કૃષિ સંશોધન, કૃષિ વિસ્તરણ અને કૃષિ શિક્ષણની પ્રવૃતી વેગવાન બનશે અને આ યુનિવર્સિટી સિદ્ધિના સોપાનો સર કરશે તેવી આશા વ્યક્ત કરેલ હતી.

યુનિવર્સિટીની મહાવિધાલયોના આચાર્યો વતી ડૉ. એ.યુ. અમીન તથા પોલિટેકનિકસના આચાર્યો વતી ડૉ. એમ.એ. તુવરે તેમના વકતવ્યમાં ડૉ. આર.એમ. ચૌહાણમાં રહેલા વ્યવસ્થાપન અને સફળ નેતૃત્વંના ગુણને લીધે યુનિવર્સિટીની પ્રગતિ થશે તેમ જણાવ્યુ હતું.





રાઈ-દિવેલા સંશોધન કેન્દ્રના વડા ડૉ. એ. જી. દેસાઈએ જણાવ્યું કે ડૉ. ચૌહાણ સરદારકૃષિનગર ખાતે ખેતીવાડી અધિકારી તરીકે નિમણુંક પામી યુનિવર્સિટીના અધિકારી તરીકે તમામ જગ્યાઓ ઉપર ફરજો બજાવેલ હોવાથી આ યુનિવર્સિટીની સમગ્ર પરિસ્થિતિથી વાકેફ છે તેથી તેમના નેતૃત્વમાં યુનિવર્સિટીની પ્રતિષ્ઠામાં ઉમેરો થશે.

કુદરતી સંશોધન અને વ્યવસ્થાપન કેન્દ્રના વૈજ્ઞાનિક ડૉ. બી. એસ. દેવરાએ તેમના વક્તવ્યમાં ડૉ. ચૌહાણના થરાદ કોલેજના નિર્માણમાં રહેલ યોગદાનને યાદ કરી જણાવ્યું કે આ યુનિવર્સિટી પાસે ઘણા રીસોર્સીશ છે તેનો સદઉપયોગ કરી આ યુનિવર્સિટીના કાર્યોની ભારત તથા વિશ્વ કક્ષાએ નોંધ લેવાશે. આ પ્રસંગે ડૉ. આર.એમ. ચૌહાણે તેમના વક્તવ્ય શરૂ કરતાં પહેલા આ ઉચ્ચસ્થાને પહોંચડવામાં ફાળો આપી સંસ્કારોનું સિંચન કરવા બદલ તેમના માતા-પિતા, ગુરૂજનો અને સહપાઠીઓને યાદ કર્યા હતા તથા તેમણે અભ્યાસ કરેલ સ્કુલ, કોલેજના અમૂલ્ય ફાળાની વાત કરી 'કૃષિ શિક્ષણ', 'કૃષિ સંશોધન' અને 'કૃષિ વિસ્તરણ'નું મહત્વ સમજાવી આ પ્રવૃતિને વેગવાન બનાવવા માટે ગીતાના કર્મના સિધાંતને ધ્યાનમાં રાખી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવા આહવાન કર્યુ હતું.

સીડ ટેક્નોલૉજી વિભાગના સંશોધન વૈજ્ઞાનિક ડૉ. પી.ટી. પટેલે આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન આઈ.ટી. નિયામક ડૉ. હિતેશ બી. પટેલ અને વિધાર્થી કલ્યાણ નિયામક ડો. કલ્પેશ પી. ઠાકર દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતુ તેમજ અન્ય અધિકારી/કર્મચારીઓ તેમજ કૃષિ પરિવાર અને વિદ્યાર્થીઓ માટે લાઈવ ટેલીકાસ્ટ કરવામાં આવ્યું હતુ.

## હિંમતનગરના કાંકણોલ પાસે આવેલ હનુમાનજી મંદિરના મહંત સત્યાનંદગીરી મહારાજનો દેહ વિલય

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના કાંકણોલ પાસે આવેલ હનુમાનજી મંદિરના મહંત પુરમપુજય સત્યાનંદજી મહારાજ ટુંકી માંદગી બાદ પ્રભુ શરણે જતાં મંદિરના પ્રાંગણમાં જ સમાધિ આપવામાં આવી હતી. હજારોની સંખ્યામાં અંતિમ દર્શન માટે ભકતો ઉમટી પડયા હતા. હિંમતનગરથી શામળાજી નેશનલ હાઈવે નંબર આઠ પાસેના કાંકણોલ ગામ પાસે હાઈવે ટચ આવેલા હનુમાનજી મંદિરના મહંત પૂ.પૂ. સત્યાનંદજી મહારાજ ટૂંકી માંદગી બાદ પ્રભુ શરણે જતાં તેમને મંદિરના પ્રાંગણમાં સમાધિ આપવામાં આવી હતી. પૂ.બાપૂના દેહાન્તના સમાચાર વાયુવેગે પ્રસરતા અસંખ્ય લોકો તેમના અંતિમ દર્શન કરવા માટે ઉમટી પડ્યા હતા. કરણપુર ગામના પૂર્વ સરપંચ અને સંતો મહંતોની સેવાના ભેખધારી અને સમાજ સેવક કાલીદાસભાઈ પટેલ સહિતના આગેવાનોએ પૂ.બાપુને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પી હતી.

# શામળાજીમાં દેના બેંક અને એચ. ડી. એફ. સી. બેંકના એટીએમ બંધ હાલતમાં

## બેંક ઓફ બરોડામાં સોશિયલ ડીસ્ટન્સીંગના ધજાગરા ઉડે છે

શામળાજી, તા. ૧૭

શામળાજી ખાતે આવેલ બેંક ઓફ બરોડા અને એચડીએફસી









એટીએમ બંધ રહેતા લોકો પરેશાન નથી જયારે દેનાબેંકનું એટીએમ છેલ્લા ત્રણ મહિનાથી બંધ હાલતમાં જોવા મળે છે અને એચડીએફસી બેંકનું એટીએમ એક મહિના પહેલા વાયર શોર્ટસર્કિટ થતા આગ લાગી હતી પણ આ જ સુધી ચાલુ કરવામાં આવ્યું નથી, હાલ બંને એટીએમ બંધ હોવાથી ગ્રાહકોની મોટી પરેશાની વેઠવી પડે છે અને પોતાના જ પૈસા માટે વલખા મારવાનો વારો આવ્યો છે. હાલ કોરોનાના સંક્રમણ વચ્ચે જીવના જોખમે બે બે કલાક લાઈનમાં ઊભા રહેવા ગ્રાહકો મજબૂર બન્યા છે. ત્યારે બીજી તરફ બેંકોની આગળ પણ મોટી સંખ્યામાં ભીડ થતી હોવાના દ્રશ્યો જોવા મળે છે. હાલ બેંકમાં હજારોની સંખ્યામાં લોકો ટોળે ટોળા જોવા મળે છે. તંત્ર અને ગ્રાહકોની લાપરવાહી રોગચાળોનો વ્યાપ વધારે તેવી શક્યતા પોલીસ કે આરોગ્યતંત્ર અને બેંકના કર્મચારીઓએ પણ કોઈપણ જાતની પરવા કરી ન હતી અને જાણે કોરોનાને ખુલ્લુ આમંત્રણ આપ્યું હોય તેમ ભારે ભીડમાં લોકો જોવા મળ્યા.

# સાબરકાંઠાના યુવાન તબીબને કોરોના દર્દીઓની સારવારનું ઘેલું લાગ્યું, નવ મહિનાથી પરિવારને જોયો નથી?

ભિલોડા, તા.૧૭

ભારત દેશમાં અત્યારે કોરોના હાહાકાર મચાવી રહ્યો છે. લોકો પણ એક બીજાથી દુર રહેવા મજબૂર બન્યા છે. આવા કપરા સમયે કેટલાક તબીબો સાચા અર્થમાં કોરોના વોરિયર્સ તરીકે ઉભરી આવ્યા છે. સેવાની ફળની અપેક્ષા રાખ્યા વગર સતત કોરોનાના દર્દીઓ ની સેવા કરે છે. આવા જ એક સેવાભાવી યુવા તબીબને દિલથી સલામ આપવાનુ મન થઈ આવે. વાત જાણે એમ છે કે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે-૮ પર બ્રાહ્મણોની વસ્તી ધરાવતુ રાયગઢ ગામ આવેલુ છે.

આ ગામના ડો. ચારૂદત્ત ગોર નામનો યુવાન તબીબ એમ.બી.બી.એસ.નો અભ્યાસ પૂર્ણ કરીને એમ.ડી.ની ડીગ્રી મેળવવા અભ્યાસ કરી રહ્યો છે. ગુજરાતના કોરોના હોટસ્પોટ શહેર તરીકે ગણના થતા સુરત શહેરમાં અભ્યાસ કરી રહ્યો છે તે હાલ સુરતની કોવીડ હોસ્પીટલ તરીકે જાહેર કરાયેલી મહાવીર હોસ્પિટલમાં સેવા આપી રહ્યો છે.

તાત્કાલિક સારવાર વિભાગમાં ફરજ બજાવતા ડો. ચારૂદત ગોરને કોરોનાના દર્દીઓની સારવાર કરવાનું જાણે ઘેલુ લાગ્યું છે. જેને લઈને છેલ્લા નવ મહિનાથી પોતાની પરવા કર્યા વિના સુરતની હોસ્પિટલમાં સતત સેવા આપી રહ્યા છે. કોરોના પોઝિટિવનો ભોગ બનેલા કેટલાક દર્દીઓ પોતાના સ્વજન સમાન દીકરાની દેખરેખ હેઠળ નવજીવન મેળવી રહ્યા હોય તેવો અહેસાસ કરી રહ્યા છે. એટલા પ્રેમ અને હુંફથી તે દર્દીઓની કાળજી તેની ફરજ દરમ્યાન લઈ રહ્યો છે. જેના બદલામાં દર્દી અને તેના પરીવાર તરફથી મળતા સ્નેહ તેને ફરજ પ્રત્યે પ્રોત્સાહિત કરે છે.

ડો. ચારુદત્તના માતા ડો. નિમિષા અને પિતા ડો. વિજય ગોર પણ તબીબ છે, તે બંને જણા પણ ગ્રામિણ વિસ્તારમાં લોકોની સારવાર કરીને રાયગઢ ગામે જીવન ગુજારી રહ્યા છે. સુરતમાં કોરોનાના દર્દીઓની સારવાર કરી રહેલા યુવા તબીબ ચારુદત ગોર સંસ્મરણોને વાગોળતાં એટલું જ કહે છે કે હું માણસાઈનુ ઋણ ચૂકવી રહયો છું.

# છારાનગરના દેશી દારૂના ડિસ્ટ્રુબેશનના નેટવર્કને ભેદવાનો એલસીબીનો પ્રયાસ

અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં દેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે, મોડાસા તાલુકાના છારાનગર (જીવણપુર)માં દેશી દારૂ ગાળવાનો ગૃહ ઉદ્યોગ ચાલી રહ્યો છે. દરરોજ લાખ્ખો-હજ્જારો લીટર દેશી દારૂ અરવલ્લી-સાબરકાંઠા અને અમદાવાદ, ગાંધીનગર જેવા શહેરી વિસ્તારોમાં વિવિધ નાના-મોટા વાહનો મારફતે દેશી દારૂ ઠાલવવાનું સુનિયોજીત રેકેટ ચાલી રહ્યું છે. અરવલ્લી એલસીબી પોલીસે બાતમીના આધારે બાકરોલ ગામ નજીકથી ૫ એક્ટિવા સાથે છારાનગરની મહિલા બુટલેગર સહીત ૫ બુટલેગરોને ૬૦૬૦ રૂપિયા દેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડી તેમજ છારાનગરમાં રહેતા શાંતિલાલ ચંદુભાઈ છારા ઘરેથી ૧૧ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

છારાનગર (જીવણપુર) ગામના બુટલેગરો મોડાસા શહેરના સર્વોદય નગર (ડુંગરી) સહીત અનેક સ્થળે દેશી દારૂ એક્ટિવા મારફતે ઠાલવી રહ્યા હોવાની બાતમી અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે. પરમારને મળતા તેમની ટીમ સાથે બાકરોલ ગામ નજીક વોચમાં ગોઠવાઈ ગયા હતા અને છારાનગરમાંથી એક પછી એક એમ કુલ-૫ એક્ટિવા પરથી દેશી દારૂના પોટલાં મળી આવ્યા હતા. એલસીબી પોલીસે છારાનગરના બુટલેગરો અને દારૂ મંગાવનાર મોડાસા સર્વોદયનગર (ડુંગરી) ની મહિલા બુટલેગરો સામે કાર્યવાહી હાથ ધરી હતી.

## ડીસામાં બે દિવસથી ગુમ યુવકનો મૃતદેહ ઘરના ટાંકામાંથી મળ્યો

બનાસકાંઠાના ડિસામાં બે દિવસ પહેલા ગુમ થયેલા યુવકનો મૃતદેહ તેના જ ઘરની પાણીની ટાંકામાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી છે. બનાવને પગલે આજુબાજુના લોકો અને ડીસા દક્ષિણ પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પીએમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના બાદ પરિવાર પર જાણે દુખોનો પહાડ પડ્યો છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસામાં યુવક ગુમ થઈ જતાં પોલીસમાં ગુમ થયાની ફરિયાદ આપી હતી. આ દરમિયાન આજે વહેલી સવારે યુવકના પરિવારજનો બ્રશ કરી રહ્યા હતા તે સમયે પાણીમાંથી દુર્ગંધ આવતા તપાસ કરતા પાણીના ટાંકામાંથી આ યુવકનો મૃતદેહ મળી આવતા પરિવારના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. ડીસાની સરસ્વતી સોસાયટીમાં રહેતો ધવલ પ્રવિણભાઈ ઠક્કર છેલ્લા બે દિવસથી ગુમ હતો. ઘરની ટાંકીમાં તપાસ કરતાં યુવકનો મૃતદેહ ટાંકીમાંથી મળી આવતાં પોલીસને જાણ કરવામાં આવી હતી.

# દિવ્યાંગ ગીરધર પરમાર વાક્ચાતુર્યથી સરકારી સહાયના નામે લોકો સાથે ઠગાઈ કરવામાં ફાવટ.!!

## ભિલોડામાં ૧૧૦ ગરીબ મહિલાઓ સીવણ ક્લાસના નામે લાખ્ખો રૂપિયા ઉઘરાવી છુમંતર

ભિલોડા, તા. ૧૭

સાબરકાંઠા જીલ્લાના વડાલી તાલુકાના માલપુર ગામના દિવ્યાંગ ગિરધર પરમારને જાણે ગરીબો અને વંચિતો માટે સરકાર દ્વારા ચૂકવાતી સહાય અને મહિલાઓને પગભર કરવા વિવિધ યોજનાઓના નામે લૂંટ કરવાની ફાવટ આવી ગઈ હોય તેમ શ્રી પાલન સેવા સંસ્થાના નામે ટ્રસ્ટ ઉભું કરી અગાઉ વડોદરામાં મુખ્યમંત્રી આવાસ યોજનામાં ગરીબ લોકોને સહાય અપાવવાના નામે લાખ્ખો રૂપિયાની છેતરપીંડી કર્યા બાદ અરવલ્લી જીલ્લાના ભિલોડા નગરમાં રિષભ કોમ્પ્લેક્ષમાં સીવણ ક્લાસના નામે ઓફીસ ઉભી કરી ૧૦૦થી વધુ ગરીબ અને વિધવા મહિલાઓને પગભર કરવાની અને સીવણ મશીન આપવાની લાલચ આપી મહિલા દીઠ ૩૦૦૦ રૂપિયાનું ઉઘરાણું કરી રફુચક્કર થઈ જતા ગરીબ મહિલાઓના માથે આભ તૂટી પડ્યું છે આ શખ્સ અન્ય મળતીયાઓ સાથે સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં મોટા પાયે સીવણ કલાસના નામે ગરીબ મહિલાઓને લૂંટી લીધી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.



પ્રાપ્ત માહીતી અનુસાર ભિલોડા નગરના રિષભ કોમ્પ્લેક્ષમાં દિવ્યાંગ ગિરધર પરમારે શ્રી પાલન સેવા સંસ્થાના બોર્ડના ઓથા હેઠળ સરકારી યોજનાના નામે સીવણ ક્લાસ ચાલુ કરી ત્રણ હજાર ફી રાખી મફત સીવણ મશીન અને રોજગારી આપવાની જાહેરાત કરતા ભિલોડા સહીત આજુબાજુના ગ્રામ્ય પંથકમાંથી સીવણ માટે ગરીબ અને જરૂરિયાતમંદ મહિલાઓએ પેટે પાંટા બાંધી ક્લાસ માટે ફી ભરી હતી ૧૧૦ જેટલી મહિલાઓએ ફી ભર્યા બાદ થોડો સમય સીવણ ક્લાસનો સમય પૂર્ણ થયા બાદ મહિલાઓએ મફત સીવણ મશીન અને સહાયની માંગ કરતા ગિરધર પરમાર ગલ્લા તલ્લાં કરતા અને ફી પરત કરવાના વાયદાઓ પર વાયદાઓ કર્યા બાદ અચાનક ઓફિસના તાળા મારી રફુચક્કર થઈ જતા મહિલાઓએ ત્રણ હજાર રૂપિયા અને ત્રણ મહિના સમય બરબાદ થતા મહિલાઓની હાલત દયનિય બની છે. ત્યારે આવા લેભાગુ તત્વોને ઝડપી પાડી શખ્ત કાર્યવાહી કરવામાં આવેની માંગ પ્રબળ બની છે જેથી અન્ય ગરીબ મહિલાઓ ભોગ ન બને ભિલોડામાં ભોગ બનનાર મહિલાઓએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી છે.

દિવ્યાંગ ગિરધર પરમાર તેના વાક્ચાતુર્યથી અનેક ગરીબ મહિલાઓ અને લોકો સાથે છેતરપિંડી કરી છે. ભિલોડામાં સીવણ ક્લાસ માટે પ્રવેશ મેળવતી મહિલાઓ અને તેમના પરિવારજનોને અરવલ્લી જીલ્લા કલેકટરના હાથે ૨૦૦ સિલાઈ મશીન અપાવ્યા હોવાની શેખી મારતો હતો અને અન્ય સરકારી સહાય થકી ગરીબ લોકોને મદદ કરી હોવાની ગુલબાંગ હાંકતો હતો.

### પાલનપુર નગરપાલિકા દ્વારા સાધારણ સભામાં મંજુર કરાયેલ

# પાલનપુરનો નવિન વિકાસ નકશો સુચન માટે જાહેરમાં મુકાયો

## આગાઉ મુકાયેલો વિકાસ નકશો કેટલીક વિસંગતાઓના કારણે રદ થયો હતો

પાલનપુર

પાલનપુર નગરપાલિકા દ્વારા અગાઉ વિકાસ નકશો મંજુરી માટે મુકવામાં આવ્યો હતો. જે કોઈ કારણોસર રદ થયો હતો.જેથી વિકાસ નકશાની વિસંગતાઓ દુર કરી ફરી પાલિકાની બોડી દ્વારા વિકાસ નકશો મંજુર કરવામાં આવ્યો હતો. જે વિકાસ નકશામાં કોઈ ત્રુટી હોય તો વાંધા સુચન માટે પાલિકાની લોબીમાં ગુરૂવારે વિકાસ નકશો મુકવામાં આવ્યો છે.જેને લોકો નિહાળવા આવી રહ્યા છે.

પાલનપુર શહેરમાં વિકાસને લઈ પાલિકા દ્વારા અગાઉ વિકાસ નકશો મંજુરી માટે મુકવામાં આવ્યો હતો.પરંતુ તેમાં ગેરરીતી કરવાની ફરીયાદો ઉઠવા પામી હતી.જેના પગલે ભાજપ તેમજ પાલિકાના કેટલાક પદાધિકારીઓ દ્વારા તે વિકાસ નકશો રદ કરવા મુખ્ય મંત્રી સુધી રજુઆત કરવામાં આવી હતી. તે બાદ કોઈ કારણોસર નકશામાં વિસંગતતા જણાઈ આવી હતી.જેથી વિકાસ નકશો રદ થયો હતો.જેથી ફરી વિકાસ નકશા માટે ટી.પી.કમિટીની બે બેઠકો રદ થયા બાદ ત્રીજી બેઠકમાં વિકાસ નકશાને ટી.પી. કમિટીમાં મજુરી મળ્યા બાદ પાલિકાની સાધારણ સભામાં બહુમતીના જોરે વિકાસ નકસાને મંજુર કરવામાં આવ્યો હતો.ત્યારબાદ મંજુર થયેલો વિકાસ નકશાને ગૂરૂવારે પાલિકાની લોબીમાં લોકોને જોવા માટે મુકવામાં આવ્યો છે.જે ૬૦ દિવસ સુધી રાખવામાં આવશે. અને જો કોઈ વાંધા અરજીઓ નહી આવે તો તે મંજુરી માટે ઉચ્ચ કક્ષાએ મુકવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે.જેથી શહેરનો વિકાસ કરી શકાશે.

### પેરોલ ફર્લો ટીમે સગીરાનું અપહરણ કરી

# પાંચ વર્ષથી ફરાર જાબચિતરીયાના આરોપી યુવકને ભોગ બનનાર સાથે રોડ પરથી દબોચ્યો

શામળાજી નજીક આવેલા જાબચિતરીયા ગામનો યુવક ૫ વર્ષ અગાઉ સગીરાનું અપહરણ કરી ફરાર થઈ ગયો હતો, ૫ વર્ષથી પોલીસને થાપ આપવામાં સફળ રહેલા આરોપીને જીલ્લા રેન્જ લેવલની પેરોલ ફર્લો ટીમે



શામળાજી નજીકથી ભોગ બનનાર સગીરા સાથે દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પેરોલ ફર્લો પીએસઆઈ કે.એસ. સીસોદીયા અને તેમની ટીમે શામળાજી પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ હેઠળના ગુન્હાના આરોપી યુવક ઈદ્રીશ વિક્રમભાઈ નિનામાને ભોગ બનનાર સગીરા સાથે દબોચી લીધો હતો. પેરોલ ફર્લો ટીમને ૫ વર્ષ અગાઉ સગીરાનું અપહરણ કરી ભગાડી જનાર જાબચિતારીયાનો ઈદ્રીશ નિનામા ભોગ બનનાર સાથે શામળાજી બસસ્ટેન્ડ પાસેથી પસાર થવાનો હોવાની બાતમી મળતા શામળાજી બસસ્ટેન્ડ નજીક રોડ પર સહીત વોચ ગોઠવી ઈદ્રીશ વિક્રમભાઈ નિનામાને ભોગ બનનાર સાથે દબોચી લીધો હતો.